# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર</u>

## <u>માર્ચ-૨૦૨૪ ધોરણ-૧૦ (એસ.એસ.સી) ની પરીક્ષાના આવેદનપત્રો</u>

## <u>ઓનલાઇન ભરવા માટેની સુચનાઓ</u>

આવેદનપત્રો ભરવાનો સમયગાળો :- <u>તા.૦૨/૧૧/૨૦૨૩ થી તા.૧૧/૧૨/૨૦૨૩</u>

[દરેક માધ્યમિક શાળાઓએ આવેદનપત્રો ઓનલાઇન ભરવા ફરજીયાત છે]

- **<u>સ્કુલ રજીસ્ટ્રેશન :-</u>**

શાળા રજીસ્ટ્રેશનમાં લોગીન કરવા માટે **Login ID** માં એસ.એસ.સી શાળાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર લખવાનો રહેશે અને ૨૦૨૨-૨૦૨૩ માં નવી મંજુર થયેલી અને વર્ષ ૨૦૨૩ -૨૦૨૪ માં ધોરણ-૧૦ નો નવો વર્ગ શરૂ કરેલ હોય તેવી **<u>સરકારી તથા ગ્રાન્ટેડ</u>** શાળાઓએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે ફાળવવામાં આવેલ ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. જો પાસવર્ડ મેળવ્યો ન હોય તો પોતાના જિલ્લાના **DEO** કચેરીમાંથી પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. **(નોંધઃ-Student Exam** ના ફોર્મ ભરતાં પહેલા પોતાની સ્કૂલની **Online School Registration, School Information Updation in Mobile App અને TEACHER REGISTRATION** ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. અને માહિતી DEO કચેરી કક્ષાએથી Online વેરીફાઇ(ચકાસણી) કરાવવાની રહેશે, ત્યારબાદ જ આવેદનપત્રો ભરી શકાશે.( **ફકત જુન-૨૦૨૨ થી નવી શરૂ થયેલ શાળાઓએ જ જિલ્લાની શિક્ષણાધિકારી કચેરીમાંથી પાસવર્ડ મેળવવાનો રહેશે અને DEO કચેરીએથી Online Verification કરાવવાનું રહેશે.)** અગાઉના વર્ષોમાં નોંધાયેલી અને જે શાળાઓને ઇન્ડેક્ષ નંબર ફાળવી દેવામાં આવેલ છે તેવી જૂની શાળાઓએ પોતાના જૂના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ દ્વારા Login કરવું અને નવા જિલ્લાની શાળાઓએ નવા મળેલ Index Number પ્રમાણે Login કરવાનું રહેશે, જો પાસવર્ડ યાદ ન હોય તો Reset password ના option પર click કરી આપનો પોતાનો પાસવર્ડ Reset કરી School Registration માં નોંધાયેલ મોબાઇલ અથવા EMAIL પર નવીન પાસવર્ડ મેળવી શકશો. જે શાળાઓ દ્વારા ધો.૧૦ નાં પ્રથમ ક્રમિક વર્ગ તરીકે અરજી કરેલ છે તેવી શાળાઓનો index no અને password શાળા દ્વારા અરજીમાં આપવામાં આવેલ શાળાના email address પર મોકલી આપવામાં આવેલ છે.

- **<u>શિક્ષક રજીસ્ટ્રેશન :-</u>**

શિક્ષક રજીસ્ટ્રેશન કર્યા બાદ જ વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરી શકાશે. આચાર્યશ્રીઓને જણાવવાનું કે આપની શાળાના માધ્યમિક વિભાગના મંજુર વર્ગોના આધારે નિયત મહેકમ અનુસાર નિમણૂક પામેલા શિક્ષકોના રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાના રહેશે.

આ માહિતી ભર્યા બાદ ભરેલ વિગતોની ખરાઇ આચાર્યશ્રી તેમજ સંબંધિત શિક્ષકે કરવાની રહેશે અને તેની એક નકલ શિક્ષકને આપવાની રહેશે.

નવા જોડાયેલ તમામ શિક્ષકોની નોંધણી ફરજીયાત છે. તેમજ નિવૃત, રાજીનામું, અવસાન કે અન્ય કોઈ કારણોસર શાળામાંથી કમી થયેલા શિક્ષકોની નોંધણી રદ કરવા (Inactive) અંગે કાર્યવાહી કરવી. શૈક્ષણિક અનુભવ અને બેન્ક એકાઉન્ટની વિગતો પુન: ચકાસી અને સુધારો કરવો. કોઇ શિક્ષકની માહિતી ભરવાની બાકી હોય તો Teacher Registration Unlock કરાવવા માટે teachergseb@gmail.com પર શાળા Index Number સાથેની શાળાના લેટરપેડ પર શાળાના આચાર્યશ્રીના સહી અને સિક્કા સાથે અરજી મોકલવાની રહેશે.

- Total Teaching Experience: ની સામે 31st May, 2024 ના રોજ સુધીનો શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.
- "Teaching Experience In Secondary" ની સામે 31st May,2024 ના રોજ સુધી માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.
- "Teaching Experience In Higher Secondary" ની સામે 31st May,2024 ના રોજ સુધી ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકેનો કુલ અનુભવ ભરવાનો રહેશે.

Preferred Subject-1 અને Preferred Subject-2 ભરતી વખતે શિક્ષક જે વિષયનું શિક્ષણ કાર્ય કરતા હોય તે વિષય(વિષયકોડ) અને જે તે વિષય ભણાવવાનો અનુભવ ચોકસાઇપૂર્વક ભરવાનો રહેશે.
ઉ.દા. તરીકે શિક્ષક દ્વારા ગુજરાતી પ્રથમ ભાષા છેલ્લા પાંચ વર્ષથી ભણાવવામાં આવતી હોય તો Preferable Subject1 ની સામે વિષયકોડ 001-Gujarat(F.L) સિલેક્ટ કરવાનો રહેશે અને Experience of Subject 1 ની સામે અનુભવના વર્ષ 5 ભરવાના રહેશે. જેની ગણતરી પણ 31st May,2024 ના દિવસે થતા અનુભવ મુજબ કરવાની રહેશે. જે માટે Teacher Registration Portal પર વિગતવાર આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

➢ **વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન :-**

- માર્ચ-૨૦૨૪ની એસ.એસ.સી. પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત/ રિપીટર/ આઇસોલેટેડ/ GSOS નિયમિત(ખાનગી)/GSOS રીપીટર(ખાનગી) ઉમેદવારોના આવેદનપત્રો ફરજીયાત ઓનલાઇન શાળા કક્ષાએથી જ ભરવાના રહેશે. ઓનલાઇન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતા પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ સ્કેન કરી તેમના ટુંકા નામથી સેવ કરી એક ફોલ્ડરમાં અગાઉ થી મુકી રાખવા. પ્રત્યેક ઇમેજ 100 PXL(W) X 120 PXL(H) તથા 5 થી 20 KB નો રહે તે રીતે હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી સહીથી કરાવી, સ્કેન કરી અલગ ફોલ્ડરમાં ઉમેદવારના ટૂંકા નામથી સેવ કરી રાખવી. તેની સાઇઝ પણ 5 થી 20 KB નો રહે તે રીતે હોવી જોઇએ. જો આપની શાળામાં દિવ્યાંગ ઉમેદવાર હોય તો તેના
  મેડીકલ સર્ટીફીકેટ પણ સેવ(Save)કરી રાખવાનાં રહેશે.ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો **તા.૦૨-૧૧-૨૦૨૩ થી તા.૧૧-૧૨-૨૦૨૩ રાત્રિના ૧૨:૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.**

- પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ **gseb.org** ઓપન કરવાની રહેશે.
- તેમાં 10th Student Exam Registration ના બટન (icon) ઉપર ક્લીક કરવું અથવા તો http://sscexamreg.gseb.org ની વેબસાઇટ ઓપન કરવી.
- લોગ ઇન આઇડી અને પાસવર્ડ ભર્યા બાદ લોગ ઇન ના બટન ઉપર ક્લીક કરવું.
- Student Examination Registration માટે 10th Student Registration પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતાં Student Examination Registration નું ફોર્મ ઓપન થશે જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કૂલ ઇન્ડેક્ષ નંબર, શાળાનું નામ દેખાશે.
- તેમાં REGULAR, REPEATER, ISOLATED, REGULAR GSOS, REPEATER GSOS એમ પાંચ ઓપ્શન દેખાશે.
    1. નિયમીત ઉમેદવાર માટે REGULAR ઉપર ક્લીક કરવું.
    2. બીજીવાર ઉપસ્થિત થનાર ઉમેદવાર માટે REPEATER ઉપર ક્લીક કરવું
    3. એક વખત પરીક્ષામાં પાસ (EQC) જાહેર થયા બાદ તે સિવાય ના અન્ય કોઇ વિષયની પરીક્ષા આપવા માગતા હોય તેના માટે ISOLATED ઉપર ક્લીક કરવાનુ રહેશે.
    4. GSOS ના નિયમીત ઉમેદવાર માટે Regular GSOS નું Option Select કરવાનું રહેશે.
    5. GSOS ના રીપીટર માટે Repeater GSOS નું Option Select કરવાનું રહેશે.

➢ **<u>Student's General Information</u>**:-

| | | |
|---|---|---|
| 1 | Surname | માધ્યમિક શાળાના જીઆરમાં નોંધાયા મુજબ ભરવાના રહેશે. કાળજી પૂર્વક સ્પેલિંગ ચેક કરી નામ એન્ટર કરવા. |
| 2 | Name | |
| 3 | Father's Name | |
| 4 | Birth Date | જન્મ તારીખ જીઆરની નોંધ મુજબ એન્ટર કરવી. |
| 5 | Medium | ઉમેદવાર જે માધ્યમમાં અભ્યાસ કરતો હોય તે જ માધ્યમ સીલેક્ટ કરવું. |
| 6 | Guardian Profession | ઉમેદવારના વાલી જે વ્યવસાયમાં જોડાયેલ હોય તથા તેમની જે વાર્ષિક આવક હોય તે સીલેક્ટ કરવાની રહેશે. |
| 7 | Guardian Income | |
| 8 | Caste | જીઆરની નોંધ મુજબ ઉમેદવારની જે Caste હોય તેના ઉપર ક્લીક કરવું. |
| 9 | Gender | • Male / • Female, જે હોય તેના ઉપર ક્લીક કરવું. |
| 10 | BPL | જો ઉમેદવારના વાલી બીપીએલ કાર્ડધારક હોય તો "Yes" પર ક્લીક કરવું. બીપીએલકાર્ડ નંબર ફરજિયાત એન્ટર કરવો. |
| 11 | BPL | |
| 12 | Widow Child | જો બાળક વિધવા માતાનું સંતાન હોય તો "Yes" પર ક્લીક કરવું. |
| 13 | School Joining Date | જે તારીખે માધ્યમિક શાળામાં દાખલ થયા હોય તે માધ્યમિક શાળાના જીઆરની નોંધ મુજબ ફરજિયાત એન્ટર કરવાનું રહેશે. |
| 14 | Type Of Primary School | ઉમેદવારની પ્રાથમિક શાળાનો જે પ્રકાર હોય તે સિલેક્ટ કરવો. |
| 15 | G R No. | ઉમેદવારનું માધ્યમિક શાળાના જીઆરમાં જે નંબર પર નોંધાયેલ હોય તે જ નંબર ફરજિયાત એન્ટર કરવો. જીઆરનંબર એન્ટર કરતી વખતે ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી છે.ખોટો જીઆરનંબર થશે તો તેમાં સુધારો થઈ શકશે નહી તે ખાસ ધ્યાન લેવું. |

| | | |
|---|---|---|
| 16 | Domicile | ( )ની યાદી માંથી જે રાજ્ય હોય તે સીલેક્ટ કરવું. |
| 17 | Adharcard | જો હોય તો તે નંબર એન્ટર કરવો.(ફરજિયાત નથી.) |
| 18 | Minority | જો Minority હોય તો Minority ટાઈપમાંથી જે લઘુમતી કક્ષામાં હોય તે સીલેક્ટ કરવું.(Minority ની વિગત ભરવી ફરજીયાત નથી.) |
| 19 | Child UID | Child UID (CTS) માં ૧૮ આંકડાનો SSA ની Child Tracking System મુજબ વિદ્યાર્થીનો જે નોંધણી નંબર હોય તે ભરવાનો રહેશે. (આ માહિતી ભરવી ફરજીયાત છે.)<br>**નોંધ**:-<br>Child UID Number ભરવાથી Child Tracking System(CTS) માં આપના દ્વારા ભરવામાં આવેલ વિદ્યાર્થીના નામ મુજબનું નામ દેખાશે. જો Child Tracking System(CTS) મુજબના તેના નામમાં કોઇ સુધારો હોય અને Child Tracking System(CTS) માં સુધારો કરાવવાનો થતો હોય તો તેવા કિસ્સામાં તાલુકા કક્ષાએ BRC ભવન ખાતે કામ કરતા બ્લોક MIS નો સંપર્ક કરી Child Tracking System(CTS) માં નામ સુધારો કરી શકશો. Child Tracking System(CTS) માંથી દર્શાવેલ વિદ્યાર્થીનું નામ ફકત આપની જાણ અને ચકાસણી માટે છે. જેથી વિદ્યાર્થીનો Child UID Number ભરવામાં ભૂલ થવાની શક્યતા રહે નહીં.<br>**GSOS ના નિયમીત વિદ્યાર્થી માટે ખાસ નોંધ**:-<br>GSOS ના નિયમિત(પ્રથમ વખત ઉપસ્થિત થનાર) વિદ્યાર્થીઓનું બોર્ડની પરીક્ષાનું આવેદનપત્ર ભરતા પહેલા નજીકની શાળાનો સંપર્ક કરી SSA GUJARAT (ssa.gujarat.org) ની child tracking system મારફતે GSOS(Gujarat State Open School) ના ઉમેદવાર તરીકે રજીસ્ટ્રેશન કરી Child Tracking નંબર મેળવવાનો રહેશે. |

- **Contact Information**:-

| | | |
|---|---|---|
| 1 | Father's/ Guardian/Parent Address | ઉમેદવારના વાલીનું રહેઠાણ જે હોય તે સરનામુ ફરજિયાત દર્શાવવું. |
| 2 | District | જે જિલ્લો હોય તે સીલેક્ટ કરવો. |
| 3 | City/Village | યાદીમાંથી જે ગામ/શહેર હોય તે સીલેક્ટ કરવું. |
| 4 | Taluka/Muni./Corp | યાદીમાંથી જે હોય તે સીલેક્ટ કરવું ફરજિયાત છે. |
| 5 | Pin Code | રહેઠાણના ગામમાં જે પીનકોડ નંબર હોય તે ફરજિયાત દર્શાવવાનો છે. |

- **Disable Candidate's Detail**:-

  આ માહિતી જો ઉમેદવાર ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતો હોય તે ઉમેદવાર માટે જ ભરવાની છે.

- **IS Disable**:-O Yes O No. જો ઉમેદવાર Disable હોય તો "**Yes**" ક્લીક કરવું.

- **Upload**:ઉમેદવારની ૪૦% કે તેથી વધુ વિકલાંગતાનું સક્ષમ અધિકારીનું (Govt. Hospital ) નું સર્ટીફિકેટ સ્કેન કરી 20 KB થી 200 KB ની સાઈઝમાં અપલોડ કરવું ફરજિયાત છે. તે સિવાય Form Final Fill-up થશે નહી.
- **Disable Type**:-વિકલાંગતાના ૪ પ્રકારમાંથી જે હોય તે સીલેક્ટ કરવું.
- **Disable percentage**: -તબીબી પ્રમાણપત્રમાં દર્શાવેલ દિવ્યાંગતા ટકા દર્શાવવાના રહેશે.(જે ૪૦ ટકા કે તેથી વધુ હોવી જોઇએ.)

  દિવ્યાંગ ઉમેદવારની તમામ વિગત ભરાઈ ગયા બાદ Confirm Disability પર ફરજિયાત ક્લીક કરવાનું રહેશે.તો જ દિવ્યાંગ ઉમેદવારનું ફોર્મ ભરી શકાશે.

**Select Subject for Current Exam**:-

| **Regular**<br>**ઉમેદવારમાટે** | **Repeater**<br>**ઉમેદવારમાટે** | **Isolated**<br>**ઉમેદવારમાટે** |
|---|---|---|
| F.L.<br>S.L.-I<br>S.L.-II માં જે ભાષા પસંદ કરી હોય તે Select કરવાની રહેશે.<br>S.S.<br>Science Technology<br>Basic Maths અથવા Standard Maths પૈકી જે પસંદ કરેલ હોય તે વિષય Select કરવાનો રહેશે. | જે વિષયની પરીક્ષા આપવાની હોય તે મુજબના વિષય સિલેકટ કરવા અને Appear In ની સામે જે વિષયની પરીક્ષા આપવાની છે તેની સામે ટીક કરેલ છે તે ચકાસી લેવું. | જે વિષય પસંદ કર્યા હોય તે વિષય Select કરી ક્લીક કરવાનું રહેશે. |

**Optional Subject**:-

Optional –I: -જે વિષય પસંદ કર્યો હોય તે યાદીમાંથી સિલેક્ટ કરીને ક્લીક કરવું.

Optional –II:- જો Option I માં પ્રાયોગિક વિષય સાથેનો વિષય પસંદ કરેલ હોય તો Option II તે જાતે Select થઇ જશે જેની ચકાસણી કરી લેવી.

Candidate Signature જે Folder માં Save કરી હોય તે Folder માં જઇને Select કરવી. ઉમેદવારની સહી 5 KB થી 20 KB ની સાઈઝમાં અપલોડ કરવી ફરજિયાત છે.

➢ **<u>Repeater અને GSOS Repeater વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેની સૂચના:-</u>**

રીપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટે "Repeater" સિલેકટ કરવાનું રહેશે. ત્યારબાદ રીપીટર વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેનું ફોર્મ ખુલશે. ફોર્મમાં "Year of First Attempt as Regular Student" ની સામે વિદ્યાર્થીએ પ્રથમવાર પરીક્ષા આપી હોય તે વર્ષ સિલેક્ટ કરવાનું રહેશે.

1) **વર્ષ-૨૦૨૩, વર્ષ-૨૦૨૨, વર્ષ-૨૦૨૦, વર્ષ-૨૦૧૯ કે વર્ષ-૨૦૧૮ માં પ્રથમવાર SSC(ધોરણ-૧૦) ની પરીક્ષા આપેલ હોય તેવા વિદ્યાર્થીઓના આવેદનપત્રો ભરવા માટેની સૂચના**

   જો વિદ્યાર્થીનું પ્રથમ પરીક્ષા આપવાનું વર્ષ-૨૦૨૩, વર્ષ-૨૦૨૨, વર્ષ-૨૦૨૦, વર્ષ-૨૦૧૯ કે વર્ષ-૨૦૧૮ હોય તો (જે-તે વર્ષ) સિલેકટ કરી વિદ્યાર્થીનો SID NUMBER ભરવાનો રહેશે(ઉ.દા.SID NO: 23S-99-99999, 22S-99-99999, 20S-99-99999, 19S-99-99999 or 18S-99-99999) અને બાજુમાં Reload બટન પર ક્લીક કરવાનું રહેશે. Reload બટન પર ક્લીક કરવાથી વિદ્યાર્થીની વિગતો જેવી કે વિદ્યાર્થીનું પુરુ નામ, જન્મ તારીખ, વિકલાંગતાનો પ્રકાર, વિદ્યાર્થીએ અગાઉ માર્ચ-૨૦૧૮, જુલાઇ-૨૦૧૮, માર્ચ-૨૦૧૯, જુલાઇ-૨૦૧૯,માર્ચ-૨૦૨૦, જુલાઇ-૨૦૨૦, જુલાઇ-૨૦૨૧, માર્ચ-૨૦૨૨, જુલાઇ-૨૦૨૨, માર્ચ-૨૦૨૩ અને જુલાઇ-૨૦૨૩ માં આપેલ પરીક્ષાઓના પરીણામની વિગતો આપોઆપ ભરાઇ જશે, જે વિષયમાં પરીક્ષામાં બેસવા લાયક છે તેની સામે Appear In ની કોલમમાં આપોઆપ ટીકમાર્ક આવી જશે. ઉપર મુજબની પ્રક્રિયા કર્યા બાદ પરીણામની વિગત અને જે વિષયની પરીક્ષા આપવાની છે તેની સામે ટીક થયેલ છે તેમજ પરિણામ અને Appear થવાના વિષયની ખરાઇ કરી ફોર્મ Save કરવાનું રહેશે. ફોર્મ Save કર્યા બાદ વિદ્યાર્થીના જેટલા વિષય Selected છે તે મુજબની ફી આપોઆપ આવી જશે જેની પણ ખરાઇ કરી લેવાની રહેશે.

2) **વર્ષ-૨૦૧૭ માં પ્રથમવાર SSC(ધોરણ-૧૦) ની પરીક્ષા આપેલ હોય કે તે પહેલા ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ હોય તેવા Repeater કે GSOS Repeater વિદ્યાર્થીઓના આવેદનપત્રો રાબેતા મુજબ પરીણામની અને વિષયોની માહિતી સહિતની તમામ માહિતી સાથે ભરી આવેદનપત્ર Save કરવાના રહેશે.**

**ખાસ નોંધ:-**

i. **જે ઉમેદવાર અગાઉના વર્ષોમાં સ્ટાન્ડર્ડ ગણિત(૦૧૨) વિષયમાં અનુત્તિર્ણ રહેલ હોય અને ચાલુ વર્ષે સ્ટાન્ડર્ડ ગણિત(૦૧૨) વિષયના બદલે બેઝીક ગણિત (૦૧૮) વિષયની રીપીટર ઉમેદવાર તરીકે પરીક્ષા આપવા ઇચ્છતા હોય તેવા ઉમેદવારો ઓનલાઇન આવેદનપત્ર ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનુત્તિર્ણ થયેલ ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ(Select કરી) બદલી શકશે.**

ii. વર્ષ-૨૦૨૩, વર્ષ-૨૦૨૨, વર્ષ-૨૦૨૦, વર્ષ-૨૦૧૯ કે વર્ષ-૨૦૧૮ હોય તેવા રીપીટર વિદ્યાર્થીઓની અગાઉના વર્ષોના પરીણામની વિગત(કે જે ઓનલાઇન આપોઆપ ભરાઇ દર્શાવેલ છે)તેમાં અને વિદ્યાર્થી દ્વારા શાળામાં આવેદનપત્ર ભરાવવા માટે આપેલ પરીણામની નકલમાં કોઇ વિસંગતતા હોય તો પરીક્ષા સચિવશ્રી(ધોરણ-૧૦) નું ધ્યાન દોરવાનું રહેશે.

iii. જે વિદ્યાર્થી તમામ વિષયયોની પરીક્ષા આપવા માંગતા હોય તે વિદ્યાર્થીના ફોર્મમાં "To Appear in All Subjects" ની સામે ટીક કરવાનું રહેશે. "Tick here To Appear in All Subjects" ની સામે ટીક કરવાથી તમામ વિષયો સિલેકટ થઇ જશે અને તમામ વિષયોની સામે ટીકમાર્ક થઇ જશે. જે ચકાસી લેવું.

iv. રીપીટર ઉમેદવારની છેલ્લી પરીક્ષાની માર્કશીટ સ્કેન કરી અપલોડ કરવાની ફરજિયાત છે. તે 20 KB થી 100 KB નીસાઈઝમાં જ માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

v. વર્ષ-૨૦૧૭ માં પ્રથમવાર SSC(ધોરણ-૧૦) ની પરીક્ષા આપેલ હોય કે તે પહેલા ધોરણ-૧૦ ની પરીક્ષા આપેલ હોય તેવા Repeater કે GSOS Repeater વિદ્યાર્થીઓના આવેદનપત્રોમાં <u>છેલ્લી પાંચ</u> પરીક્ષાઓની વિગત ભરવાની રહેશે. અને ધોરણ-૧૦ ની નાપાસ થયેલ છેલ્લી (૧) માર્કશીટ Scan કરી અપલોડ કરવાની રહેશે.

**અભ્યાસક્રમ અંગેની ખાસ નોંધ:-**

- તમામ પ્રકારના(રેગ્યુલર, રીપીટર, GSOS રેગ્યુલર, GSOS રીપીટર અને પૃથક(Isolated) પરીક્ષાર્થીઓ માટે NCERT મુજબનો માર્ચ-૨૦૨૪ ની પરીક્ષા માટે અમલી ઘટાડેલો સિલેબસ(અભ્યાસક્રમ) અમલી રહેશે. [જેમાં વિષયકોડ હિન્દી (02), અંગ્રેજી (04), ઉર્દૂ (05), વિજ્ઞાન (11), સ્ટાન્ડર્ડ ગણિત (12) અને બેઝીક ગણિત (18) માં NCERT ના પાઠ્યપુસ્તકો અમલી રહેશે.]

vi. ઓનલાઇન વિદ્યાર્થી રજીસ્ટ્રેશન બાદ ફાઇનલ એપ્રુવલ કરતાં પહેલાં આવેદનપત્રની નકલ કાઢી વર્ગશિક્ષક, વિદ્યાર્થી અને વાલી પાસે સંપૂર્ણ ચકાસણી કરાવી તેની સામે કાઉન્ટર સહી લઇ એક નકલ શાળા કક્ષાએ રાખવાની રહેશે. બોર્ડ જ્યારે માંગે ત્યારે રજૂ કરવાની રહેશે. (જો કોઇ ઉમેદવાર પાંચથી વધુ માર્કશીટ ધરાવતો હોય તો તેથી તમામ માર્કશીટ સ્કેન કરી શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે.)

vii. ઉપરોકત અભ્યાસક્રમ બાબતે વિદ્યાર્થી અને વાલીને આવેદનપત્ર ભરી સમજણ આપી જાણ કરવાની રહેશે.

**Isolated વિદ્યાર્થી માટેની સૂચના**:-

Previous Examination Detail:

Month : યાદીમાંથી જે વર્ષમાં એસ.એસ.સી.પરીક્ષા પાસ કરી હોય તે પરીક્ષાનો મહિનો સીલેક્ટ કરવો.

Years : યાદીમાંથી જે વર્ષમાં એસ.એસ.સી.પરીક્ષા પાસ કરી હોય તે વર્ષ સિલેક્ટ કરવું.

Seat No
& School Index No. : જે-તે વર્ષમાં એસ.એસ.સી. પરીક્ષા Pass થયાના પરિણામનો Seat No & School Index no લખવાનો રહેશે.

- **Student Application No. અને Student Id આ બન્ને નંબરો આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે.**
  - ✓ Student I.D –98/0999/04/24/00000000012

  (છેલ્લા ૬ અંક G.R.નંબર છે)
  - ✓ Student Application no. SS/RG/98/0999/04/24/000001 - એપ્લીકેશન નંબર
- ત્યાર બાદ મુખ્ય પેજ ઉપર આવેલ Main Menu Bar માં આવેલ Principal Approval ઓપ્શન પર જવું.
- Principal Approval option માં જઇ વિદ્યાર્થીઓની યાદી જોઇ,ચકાસી અને Principal Approval પર ટીક કરી Submit button પર click કરવાથી Principal Approval કરી શકાશે.
- ફક્ત Principal Approval ન થયેલ હોય તેવા વિદ્યાર્થીઓની ફી Fee Report માં કે ચલણમાં દેખાશે નહીં.

Principal Approval થયેલ વિદ્યાર્થીની જ ફી Fee Report માં કે ચલણમાં દેખાશે. Principal Approval સિવાયના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસી શકશે નહી.

- એપ્લીકેશનની print કરવા માટે Principal Approval માં જવું અને exam month and year - Year-2024 સીલેક્ટ કરી search પર ક્લીક કરવુ. પછી view પર ક્લીક કરી અને print application પર ક્લીક કરી print કરી શકાશે.

- એપ્લીકેશન Edit કરવા માટે Menu bar માં Search and Edit માં જવું અને exam month and Year-2024 સીલેક્ટ કરી search પર ક્લીક કરવુ. પછી Edit image પર ક્લીક કરવું અને application edit કર્યા પછી કરેલ સુધારો Save કરવા SUBMIT બટન પર ક્લીક કરવું.

- <u>વિદ્યાર્થીના ફી નો દર નીચે મુજબ છે.</u>

| | | |
|---|---|---|
| 1. | નિયમિત વિદ્યાર્થી | રૂ.૩૯૦/- ફી |
| 2. | નિયમિત રીપીટર (એક વિષય) | રૂ.૧૪૫/- ફી |
| 3. | નિયમિત રીપીટર (બે વિષય) | રૂ.૨૦૫/- ફી |
| 4. | નિયમિત રીપીટર (ત્રણ વિષય) | રૂ.૨૬૫/- ફી |
| 5. | નિયમિત રીપીટર (ત્રણ વિષય કરતા વધારે) | રૂ.૩૮૦/- ફી |
| 6. | પૃથ્થક ઉમેદવાર (એક વિષય) | રૂ.૧૪૫/- ફી |
| 7. | પૃથ્થક ઉમેદવાર (બે વિષય) | રૂ.૨૦૫/- ફી |
| 8. | પૃથ્થક ઉમેદવાર (ત્રણ વિષય) | રૂ.૨૬૫/- ફી |
| 9. | GSOS ઉમેદવાર (નિયમિત) | રૂ.૩૯૦/- ફી |
| 10. | GSOS રીપીટર (એક વિષય) | રૂ.૧૪૫/- ફી |
| 11. | GSOS રીપીટર (બે વિષય) | રૂ.૨૦૫/-ફી |
| 12. | GSOS રીપીટર (ત્રણ વિષય) | રૂ.૨૬૫/- ફી |
| 13. | GSOS રીપીટર (ત્રણ કરતા વધુ વિષય) | રૂ.૩૮૦/- ફી |

<u>નોંધ</u>:-

- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવાની થતી નથી. વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓના ફોર્મમાં તેઓની પરીક્ષા ફી ની વિગતો ચકાસી લેવી જે શૂન્ય રહેશે. આ રકમ આપને Fee Report માં આપોઆપ બાદ થયેલ (Exemption For ની નીચે) દેખાશે અને કુલ બાદ મળેલ રકમ(Total Amount Exempted ની સામે) દેખાશે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ, દિવ્યાંગ વિદ્યાર્થીનીઓ અને અન્ય વિદ્યાર્થીનીઓની બાદ થયેલી રકમનો રીપોર્ટ ઉપરના મેનુમાં રીપોર્ટ સેકશનમાં Fee Exemption Report ની અંદર દેખાશે. જે Download કરી આપની કક્ષાએ સાચવી રાખવાની રહેશે.
- શાળા દ્વારા અગાઉ ઓનલાઇન અથવા ચલણથી ભરવામાં આવેલ(તથા બોર્ડ દ્વારા verify કરવામાં આવેલ) રકમ Total Amount Paid ની સામે દેખાશે.

➢ નીચેનામાંથી કોઇપણ પ્રકારની વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓની ફી લેવાની થતી નથી. આ બાબત તમામ(સરકારી, ગ્રાન્ટ-ઇન-એઇડ તથા ખાનગી) શાળાઓને લાગુ પડશે.

i. Regular
ii. Repeater
iii. Isolated
iv. GSOS Regular
v. GSOS Repeater

Fee Report માં કુલ ભરવાની થતી રકમ ચકાસીને તે મુજબની ફી SBI e-Pay ના Online તથા બ્રાન્ચ Payment Option મારફતે ભરવાની રહેશે.

તમામ વિદ્યાર્થીઓની વિગત ભર્યા બાદ, Principal Approval કરવું, Payment Option માં જઇ ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની સંખ્યા ભરવી, ધો-૧૦ ના વર્ગોની સંખ્યા ભરવી.

ઉપરોકત પ્રક્રિયા કર્યા બાદ Fees Report Option માં જઇ આપે Approve કરેલા વિદ્યાર્થીઓની સંખ્યા તથા અન્ય ફી ની વિગત ચકાસી કુલ ફી ની રકમ જોઇ તે મુજબ ચુકવણું કરવા માટે Payment માટેની પ્રક્રિયા અનુસરવાની રહેશે.

સહી/-
(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર